# GUJARATI
## PAPER-II
## DEC-19/06

Name & Signature of the Invigilator

......................................

......................................

OMR Answer Sheet No. : 

Roll No. : 

(in figures as in Hall Ticket)

Roll Number in words : ......................................

......................................

Time : 2 Hours] | No. of Printed Pages : 40 | [Maximum Marks : 200

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **સો (૧૦૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર, લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

## GUJARATI

## PAPER - II

## ગુજરાતી

## પેપર–II

*Note* : This paper contains **ONE HUNDRED (100)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **સો** (૧૦૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (૨) ગુણ છે.

---

1. 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચકસ્તંભો'–આ પુસ્તકના લેખક કોણ ?

(A) નરસિંહરાવ દિવેટિયા (B) કનૈયાલાલ મુનશી

(C) કૃષ્ણલાલ ઝવેરી (D) કે.કા. શાસ્ત્રી

2. 'ધ ડેથ ઓફ ધ ઓથર'–આ વિચારસૂત્ર કોનું છે ?

(A) દેરિદા (B) રોલાં બાર્થ

(C) લકાન (D) સોસ્યૂર

3. ગુજરાતી વિવેચનનો પ્રથમ આવિર્ભાવ નર્મદના કયા નિબંધથી થયો ?

(A) કવિતા અને સંગીત (B) કવિતા અને જોસ્સો

(C) કવિતા અને સાહિત્ય (D) કવિ અને કવિતા

4. 'બોડો' ભાષા કયા ભાષાકુળની છે ?

(A) આર્યકુળ (B) દ્રવિડી

(C) ચીની–તિબેટી (D) મોનખ્મેર

5. નીચેનામાંથી કયા અધ્યયનને આંતરવિદ્યાકીય અભિગમથી થયેલું કહી શકાય ?

(A) સામાજિક નૃવંશશાસ્ત્રીય (B) સામાજિક મનોવિજ્ઞાનલક્ષી

(C) માનવ જીવશાસ્ત્રીય (D) કલ્ચરલ સ્ટડીઝ

6. 'સહધર્મી પ્રેક્ષક' નીચેના કયા સ્વરૂપ સાથે જોડાયેલી સંજ્ઞા છે ?

(A) ભવાઈ (B) આખ્યાન

(C) ટબાં (D) ખાયણાં

7. 'મહાભારત' માં ભીષ્મનું મૃત્યુ કયા પર્વમાં આલેખાયેલું છે ?

(A) ઉદ્યોગપર્વ (B) શાંતિપર્વ

(C) ભીષ્મપર્વ (D) શલ્યપર્વ

8. નીચેનામાંથી કઈ કૃતિમાં સુચરિતાનું પાત્ર છે ?

(A) નાઈટમેર (B) આગન્તુક

(C) દીપનિર્વાણ (D) કૂવો

9. 'ઇલિયડ'નો સાર ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ કોણે આપ્યો ?

(A) નવલરામ (B) રા.વિ. પાઠક

(C) રમણભાઈ નીલકંઠ (D) નર્મદ

10. ગોવર્ધનરામની 'સ્ક્રેપબુક' નું સમાજશાસ્ત્રીય વિવેચન કોણે કર્યું ?

(A) સુરેશ જોષી (B) વિદ્યુત જોષી

(C) શિરીષ પંચાલ (D) સુધા દેસાઈ

11. નીચેનામાંથી કઈ કૃતિમાં પુરુષવેશી નાયિકાનો મોટિફ નથી ?

(A) મદનમોહના (B) કામાવતીની વાર્તા

(C) સિંહાસન બત્રીસી (D) નંદબત્રીસી

12. મમ્મટે જણાવેલ કાવ્યહેતુમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) પ્રેરણા
(B) પ્રતિભા
(C) વિદ્વતા
(D) અભ્યાસ

13. કયો વિવેચનગ્રંથ સુન્દરમ્‌નો નથી ?

(A) અવલોકના
(B) સમર્ચના
(C) કાવ્યતત્વવિચાર
(D) અર્વાચીન કવિતા

14. નીચેનામાંથી કઈ ભાષા આર્યકુળની નથી ?

(A) લહંદા
(B) સાંથાલી
(C) કનોજી
(D) અવધી

15. નીચેનામાંથી કઈ બોલી ઉપર શાંતિભાઈ આચાર્યે સંશોધન નથી કર્યું ?

(A) હાલારી
(B) કચ્છી
(C) ચૌધરી
(D) ચરોતરી

16. નીચેનામાંથી કયું ખંડકાવ્ય નથી ?

(A) બચાવનામું
(B) મૃગતૃષ્ણા
(C) છેલ્લી પૂજા
(D) એભલવાળો

17. નીચેનામાંથી કઈ કૃતિ બંગાળી ભાષાની નથી ?

(A) આરોગ્યનિકેતન
(B) માટીનો માનવી
(C) ગોરા
(D) ન હન્યતે

18. નીચેનામાંથી કઈ પંક્તિ ઉમાશંકર જોશીના કાવ્યની નથી ?

(A) ગયાં વર્ષો એ તો ખબર ન પડી કેમ જ ગયાં ?

(B) મને બોલાવે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા !

(C) બુઝાવાની પૂર્વે અધિક ઉજળો દીપક બળે,

(D) કદી હો નારીનું હૃદય વળી તે હો પ્રણયમાં,

19. નીચેનામાંથી કયું 'સિદ્ધાર્થ' કૃતિમાં નથી ?

(A) સ્વશોધયાત્રા

(B) પાશ્ચાત્યસંસ્કૃતિ

(C) બ્રાહ્મણસંસ્કૃતિ

(D) શ્રમણસંસ્કૃતિ

20. નીચેનામાંથી કઈ કૃતિનો અભ્યાસ 'સાહિત્ય અને કાયદો' અંતર્ગત ન થઈ શકે ?

(A) મરણોત્તર

(B) માણસાઈના દીવા

(C) જનમટીપ

(D) ઇરાદો

21. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) સોમતીર્થ, બાપુનો કૂતરો, ચહેરા, નિશાચક્ર

(B) ત્રિભેટો, આસોપાલવ, એ લોકો, કેટવોક

(C) પારકા જણ્યાં, જયંત, ધીમુ અને વિભા, એક સાંજની મુલાકાત

(D) સોનેરી પંખી, સૌભાગ્યવતી, માટીનો ઘડો, પદભ્રષ્ટ

22. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) કલીન્થ–બ્રૂક્સ, એમ્પર્સન, સાર્ત્ર, એરિસ્ટોટલ

(B) ગટે, વોલ્ટર પેટર, વિલિયમ બ્લેક, ક્વિન્ટિલિયન

(C) નિત્સે, સાર્ત્ર, કાર્લ યાસ્પર્સ, કિર્કેગાર્ડ

(D) રસ્કિન, બ્રેંતો, બોરિસ, શીલર

23. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) જયંત કોઠારી : મધ્યમાલા, ઉપક્રમ, વ્યાપન

(B) ચન્દ્રકાન્ત ટોપીવાળા : પ્રતિભાષાનું કવચ, રચનાવલી, ગ્રંથઘટન

(C) સુરેશ જોષી : કાવ્યચર્ચા, તથાપિ, શ્રૃણવન્તુ

(D) પ્રમોદકુમાર પટેલ : પ્રતીતિ, અનુભાવન, ભાવન–વિભાવન

24. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) સ્પર્શવ્યંજન, અઘોષ, ગ, અલ્પપ્રાણ

(B) સંઘર્ષી, અઘોષ, શ, તાલવ્ય

(C) સ્પર્શસંઘર્ષી, અઘોષ, ઝ, મહાપ્રાણ

(D) સ્પર્શસંઘર્ષી, ઘોષ, ચ, અલ્પપ્રાણ

25. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) લોકયાત્રા, લીલા મોરિયા, ફૂલરાંની લાડી, શોધસંપદા

(B) સાબરકાંઠાની ભીલીવાર્તાઓ, રાજના આદિવાસી છેલિયા, હેંડો વાત મોડીએ, ગુજરાંનો અરેલો

(C) ધૂળ અને ઢેફાં, વાગે રૂડી વાંસળી, લોકસાહિત્યમાળા, લોકવાર્તા

(D) લોકજીવનનાં મોતી, સજે ધરતી શણગાર, ચંદર ઊગ્યે ચાલવું, ગુજરાતની લોકકથાઓ

26. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) એકોક્તિ, સંઘર્ષ, આંતરચેતના પ્રવાહ, બાંધણી

(B) અનુભૂતિકણ, સિંગલ ઈફેક્ટ, નાસાગ્રગતિ, વિશ્વશાંતિ

(C) મૃત્યુજન્યશોક, સ્મૃતિસંવેદન, ચિંતન, આરોહણ

(D) આત્મલક્ષિતા, વિશ્રંભકથા, સ્વૈરવિહાર, સોનાનાં વૃક્ષો

27. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ઉત્તરરામચરિતમ્ : સાત અંક, વનદેવતા મિલન, મૃતકોનું દર્શન

(B) શ્રીમદ્ ભાગવત : ૧૨ સ્કંધ, ૩૫૫ અધ્યાય, ૨૮,૦૦૦ શ્લોકો

(C) 'અભિજ્ઞાન શાકુન્તલમ્ : કન્યાવિદાય, દુર્વાસાનો શાપ, પ્રત્યાખ્યાન

(D) મહાભારત : દ્વૈતવનપર્વ, સ્ત્રીપર્વ, આદિપર્વ

28. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) ધ્વનિ, કેવડિયાનો કાંટો, ઘરભણી, મોગરો

(B) અંગત, ઢોલિયે, ઠાગાઠૈયા, શંકર પ્રજાપતિને મળ્યા પછી

(C) છંદોલય, હરિ ગયો, કરોળિયો, યામિનીને કિનાર

(D) બહિષ્કૃત ફૂલો, ફૂલવાડો, હું નં ડોશી, ઘેરો

29. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) બેરાર્દો, બાલ્દીસેરા, સિર્કોસ્તાન્ઝા, ડોન કાર્લો

(B) એસ્ટ્રેગોન, વ્લાદિમીર, પોત્ઝો, સેન્ટ

(C) બકમિલિગન, બ્લૂમ, ડિડેલસ, કાસેન્દ્રા

(D) ક્રાયસસ, બ્રિસીઝ, એકિલીઝ, ગ્રુબાચ

30. સર્વથા સંગત જૂથ જણાવો.

(A) તીસરી કસમ, રાજગુરુ, મારે ગયે ગુલફામ, ફણીશ્વર રેણુ

(B) રેઈનકોટ, મણિ કૌલ, ધ ગિફ્ટ ઓફ ધ મેગી, ઓ હેન્રી

(C) મિર્ચમસાલા, કેતન મહેતા, અભુ મકરાણી, ચુનીલાલ મડિયા

(D) કાશીનો દીકરો, મનહર કપુર, દરિયાવ દિલ, વિનોદિની નીલકંઠ

31. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) યાદવાસ્થળી, કબીરવડ, લલિતા દુઃખદર્શક નાટક, સાસુ વહુની લડાઈ

(B) વીરની વિદાય, એક ઘા, ક્લાન્ત કવિ, રમા

(C) સમૂળી ક્રાન્તિ, મંગળ પ્રભાત, ઉઘાડી બારી, જૂઈ અને કેતકી

(D) મકાન, મજૂસ, કાગડો, બાયું

32. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) રસસિદ્ધાંત, ઉત્પત્તિવાદ, અનુમિતિવાદ, ભુક્તિવાદ

(B) ધ્વનિવિચાર, વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ, રસધ્વનિ

(C) વક્રોક્તિ, પદવક્રતા, પ્રબંધવક્રતા, પ્રકરણવક્રતા

(D) રીતિવિચાર, વામન, વૈદર્ભી, સાત્વિકી, કૈશિકી

33. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નર્મદ, કવિતામાં જોસ્સો, ટીકા કરવાની રીત, હેઝલિટનો પ્રભાવ

(B) બ.ક. ઠાકોર, વિચારપ્રધાનકવિતા, અર્થાનુસાર યતિ, વિવિધ વ્યાખ્યાનો

(C) આનંદશંકર ધ્રુવ, કાવ્યતત્વવિચાર, કેટલાંક વિવેચનો, કવિતાવિચાર

(D) સુરેશ જોષી, વસ્તુનું તિરોધાન, વિવેચનનો અંત ?, ઊહાપોહ

34. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) અનુજ, અગ્રજ, અનામ, આમરણ

(B) ચારપાંચ, ચોરબોર, સીતારામ, નામઠામ

(C) દેવદીધું, દેવાધીન, તર્કબદ્ધ, અભ્યાસક્રમ

(D) સ્વર્ગસ્થ, મર્મજ્ઞ, સર્વજ્ઞ, ધનુર્ધર

35. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) વ્રજલાલ શાસ્ત્રી, ગુજરાતી ભાષાનો ઇતિહાસ, ધાતુસંગ્રહ, ઉત્સર્ગમાળા

(B) પ્રબોધ પંડિત, વ્યાકરણ અર્થ અને આકાર, ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન, બોલીવિજ્ઞાન

(C) કે.કા. શાસ્ત્રી, ગુજરાતી વ્યાકરણશાસ્ત્ર, અક્ષર અને શબ્દ, ગુજરાતી રૂપરચના

(D) હરિવલ્લભ ભાયાણી, વાગ્વ્યાપાર, શબ્દકથા, શબ્દ પરિશીલન

36. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ગઝલ, રદીફ, કાફિયા, મત્લા

(B) સોનેટ, ૧૪ પંક્તિ, ભાવવળાંક, પ્રાસયોજના

(C) ગીત, મુખડો, અંતરો, લયાવર્તનો

(D) ખંડકાવ્ય, કથનોર્મિ, આત્મલક્ષિતા, બહુવૃત્તાંત

37. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ધરતી ખોળે પાછો વળે, ત્રણ પેઢીની કથા, અંગ્રેજી શિક્ષણ પાત્રોનાં લગ્નથી પ્રારંભ

(B) માટીનો માનવી, યુદ્ધોત્તર સામાજિક સ્થિતિ, કૌટુંબિક સંઘર્ષ, ગાંધીયન અને માર્ક્સવાદી વિચારસરણી

(C) ન હન્યતે, પ્રણયકથા, નારીવાદી સંઘર્ષ, આઝાદી પછીનું ભારત

(D) તમસ, પશુકત્લ, ધર્મપરિવર્તન, વિભાજનની સમસ્યા

38. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) નાઈટમેર, નિયતિ, અનન્ય, પાર્થ

(B) કૂવો, વસ્તો, ડુંગર, દરિયા

(C) ચહેરા, રંજના, નિષાદ, પુલિન

(D) સમુદ્રાન્તિકે, ક્રિષ્ના, નિખિલ, જાનકી

39. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) ફાયર ઓન ધ માઉન્ટેઈન, કેરિગ્નાનો, નંદા કૌલ, અનિતા દેસાઈ

(B) યૂલિસિસ, ત્રણ કથનકેન્દ્રો, અમેરિકન લેખક, બે દિવસની ઘટના

(C) ધ ટ્રાયલ, જોસેફ કે, ધરપકડ, ખાલી તપાસખંડ

(D) ધ આઉટસાઈડર, એબ્સર્ડ અને અસ્તિત્વવાદી, અરબ હત્યા, મ્યૂરસોં

40. સર્વથા વિસંગત જૂથ જણાવો.

(A) બુદ્ધિપ્રકાશ, ડાંડિયો, ગુજરાતી શાળાપત્ર, કિમપિ

(B) જ્ઞાનસુધા, વસંત, પ્રિયંવદા, સુદર્શન

(C) પ્રસ્થાન, સંસ્કૃતિ, કુમાર, નવજીવન

(D) મનીષા, કૃતિ, સંજ્ઞા, ગદ્યપર્વ

41. નીચેનામાંથી કંઈ બે કૃતિઓ જૈન નથી ?

(*a*) સંદેશક રાસ

(*b*) પ્રતિક્રમણબાલાવબોધ

(*c*) રણમલ્લ છંદ

(*d*) સ્થૂલિભદ્ર ફાગુ

(A) (*a*) અને (*d*)
(B) (*d*) અને (*c*)
(C) (*a*) અને (*c*)
(D) (*a*) અને (*b*)

42. નીચેનામાંથી કયાં બે પુસ્તકો કલીન્થ બુકસનાં છે ?

(*a*) એન એપ્રોચ ટુ લિટરેચર

(*b*) અન્ડરસ્ટેન્ડિગ પોએટ્રી

(*c*) લેન્ગ્વેજ એન્ડં મીથ

(*d*) રાઈટિન્ગ ડિગ્રી ઝીરો

(A) (*d*) અને (*c*)
(B) (*c*) અને (*a*)
(C) (*a*) અને (*b*)
(D) (*b*) અને (*c*)

43. નીચેનામાંથી કયા બે સાહિત્યવિચાર રમણભાઈ નીલકંઠના છે ?

(*a*) કવિતા આત્માની માતૃભાષા

(*b*) કવિતા આત્માની કલા

(*c*) ભાવદર્શનરીતિ

(*d*) સર્વાનુભવરસિક કવિતા

(A) (*a*) અને (*b*)
(B) (*b*) અને (*c*)
(C) (*a*) અને (*d*)
(D) (*c*) અને (*d*)

44. નીચેનામાંથી કઈ બે ભાષાવર્ગીકરણની પદ્ધતિઓ છે ?

(*a*) તુલનાત્મક

(*b*) આકૃતિમૂલક

(*c*) સંરચનાત્મક

(*d*) ક્ષેત્રીય

(A) (*a*) અને (*b*)
(B) (*b*) અને (*d*)
(C) (*b*) અને (*c*)
(D) (*c*) અને (*d*)

45. નીચેનામાંથી કયા બે સંશોધકોએ અર્વાચીન પ્રણય કવિતા ઉપર સંશોધન કર્યું છે.

(*a*) તરુલતા મહેતા

(*b*) હેમંત દેસાઈ

(*c*) ધીરુ પરીખ

(*d*) મણિલાલ હ. પટેલ

(A) (*a*) અને (*d*)
(B) (*d*) અને (*c*)
(C) (*c*) અને (*b*)
(D) (*b*) અને (*a*)

46. નીચેનામાંથી કયાં બે સોનેટ છે ?

(*a*) વિદાય (પ્રહ્‌લાદ પારેખ)

(*b*) શયનવેળાએ પ્રેયસી (રાવજી પટેલ)

(*c*) વતનનો તલસાટ (રમણિક અરાલવાળા)

(*d*) બળતાં પાણી (ઉમાશંકર જોશી)

(A) (*c*) અને (*d*)

(B) (*d*) અને (*a*)

(C) (*a*) અને (*c*)

(D) (*a*) અને (*b*)

47. નીચેનામાંથી કયા બે સર્જકો ઉડિયા ભાષાના છે ?

(*a*) તકષી શિવશંકર પિલ્લઈ

(*b*) ફકીર મોહન સેનાપતિ

(*c*) પ્રતિભા રાય

(*d*) એસ.એલ. ભૈરપ્પા

(A) (*d*) અને (*c*)

(B) (*a*) અને (*d*)

(C) (*c*) અને (*a*)

(D) (*b*) અને (*c*)

48. નીચેનામાંથી કયાં બે પ્રકરણો 'માનવીની ભવાઈ' નાં છે ?

(*a*) ઉજ્જડ આભલે અમી

(*b*) પ્રથમ સંઘાથ

(*c*) વિદાય

(*d*) પરથમીનો પોઠી

(A) (*a*) અને (*b*)

(B) (*a*) અને (*d*)

(C) (*b*) અને (*d*)

(D) (*c*) અને (*b*)

49. નીચેનામાંથી કયાં બે લક્ષણો વિશ્વસાહિત્યનાં છે ?

(*a*) વ્યક્તિતાનો મહિમા

(*b*) સાહિત્યની સનાતનતા

(*c*) બાહ્ય પ્રકૃતિ જ કેન્દ્રસ્થાને

(*d*) વ્યક્તિતા નહીં સમગ્રતાનો મહિમા

(A) (*b*) અને (*d*) (B) (*d*) અને (*c*)

(C) (*c*) અને (*a*) (D) (*a*) અને (*b*)

50. નીચેનામાંથી કયાં બે સામયિકો ગ્રંથસમીક્ષાનાં હતાં ?

(*a*) પ્રત્યક્ષ

(*b*) તથાપિ

(*c*) ગ્રંથ

(*d*) સમીપે

(A) (*a*) અને (*d*) (B) (*b*) અને (*a*)

(C) (*a*) અને (*c*) (D) (*c*) અને (*b*)

51. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) રસિકગીતા | (*i*) મુક્તાનંદ |
| (*b*) વિરહગીતા | (*ii*) ભીમ |
| (*c*) ઉદ્ધવગીતા | (*iii*) દયારામ |
| (*d*) પ્રેમરસગીતા | (*iv*) પ્રીતમ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*iv*) | (*i*) | (*iii*) |
| (B) | (*i*) | (*iv*) | (*iii*) | (*ii*) |
| (C) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (D) | (*iv*) | (*i*) | (*ii*) | (*iii*) |

52. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) રસસિદ્ધાંત | (*i*) તદ્‌વિદ્‌આહ્‌લાદકારિણી |
| (*b*) રીતિવિચાર | (*ii*) પ્રતીયમાનઅર્થ |
| (*c*) ધ્વનિવિચાર | (*iii*) દશ કાવ્યાર્થગુણ |
| (*d*) વક્રોક્તિવિચાર | (*iv*) અનુવ્યવસાયવાદ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (B) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |
| (C) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (D) | (*iii*) | (*i*) | (*iv*) | (*ii*) |

53. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) રમણભાઈ નીલકંઠ | (*i*) કવિતા : સ્વ–તંત્રનો આગ્રહ અને સ્વ–વાચકની શોધ |
| (*b*) બળવંતરાય ઠાકોર | (*ii*) લાગણીમય વિચાર |
| (*c*) રા.વિ. પાઠક | (*iii*) વિચારપ્રધાન કવિતા |
| (*d*) ચન્દ્રકાન્ત ટોપીવાળા | (*iv*) વૃત્તિમયભાવાભાસ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*i*) | (*iv*) | (*iii*) | (*ii*) |
| (B) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (C) | (*iii*) | (*ii*) | (*i*) | (*iv*) |
| (D) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |

54. સાચાં જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | તેલ | (*i*) | અર્થઉત્કર્ષ |
| (*b*) | નેત્ર | (*ii*) | અર્થઅપકર્ષ |
| (*c*) | સાહસ | (*iii*) | અર્થવિસ્તાર |
| (*d*) | પાખંડ | (*iv*) | અર્થસંકોચ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (B) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (C) | (*i*) | (*iii*) | (*ii*) | (*iv*) |
| (D) | (*iv*) | (*iii*) | (*i*) | (*ii*) |

55. સાચાં જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | કાવ્યબાની | (*i*) | સતીશ વ્યાસ |
| (*b*) | કાવ્યવિવેચનની સમસ્યા | (*ii*) | નીતિન મહેતા |
| (*c*) | આધુનિક કવિતામાં ભાષાકર્મ | (*iii*) | શિરીષ પંચાલ |
| (*d*) | આધુનિક કવિતા પ્રવાહ | (*iv*) | જયંત પાઠક |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*iii*) | (*i*) | (*iv*) |
| (B) | (*i*) | (*iv*) | (*ii*) | (*iii*) |
| (C) | (*iii*) | (*ii*) | (*i*) | (*iv*) |
| (D) | (*iv*) | (*i*) | (*iii*) | (*ii*) |

56. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) સ્વયમ્ વૃત્તાન્તશીલ કથનશૈલી | (*i*) ખંડકાવ્ય |
| (*b*) લયમુક્ત કાવ્યરચના | (*ii*) આખ્યાન |
| (*c*) ભાવાનુસારી છંદપલટો | (*iii*) આત્મકથા |
| (*d*) સાભિનય કથાકથન | (*iv*) અછાંદસ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iii*) | (*iv*) | (*i*) | (*ii*) |
| (B) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (C) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (D) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |

57. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) જિન્દગીનામા | (*i*) નિતંબિની |
| (*b*) દ્રૌપદી | (*ii*) લાજવંતી |
| (*c*) માટીનો માનવી | (*iii*) વસંતસેના |
| (*d*) મૃચ્છકટિકમ્ | (*iv*) નેત્રમણિ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*i*) | (*iii*) | (*iv*) |
| (B) | (*i*) | (*iv*) | (*iii*) | (*ii*) |
| (C) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (D) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |

58. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (a) સત્યના પ્રયોગો | (i) પુરુષવેશી સ્ત્રી |
| (b) ઘ્રિબાંગ સુંદર એણી પેર ડોલ્યા | (ii) રાયચંદભાઈ |
| (c) નવલશા હીરજી | (iii) પ્રકૃતિ પર સંસ્કૃતિનું આક્રમણ |
| (d) વનાંચલ | (iv) આખ્યાનશૈલી અને ગઝલ સ્વરૂપ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (iii) | (ii) | (iv) |
| (B) | (iii) | (ii) | (iv) | (i) |
| (C) | (iv) | (iii) | (ii) | (i) |
| (D) | (ii) | (iv) | (i) | (iii) |

59. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (a) શતરંજની રમત | (i) વિભાગ–૧ |
| (b) જળઘાત | (ii) વિભાગ–૩ |
| (c) અગ્નિબોધ | (iii) વિભાગ–૪ |
| (d) મરેલાંનું દફન | (iv) વિભાગ–૨ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (iii) | (iv) | (ii) |
| (B) | (iv) | (iii) | (ii) | (i) |
| (C) | (ii) | (iii) | (iv) | (i) |
| (D) | (iii) | (iv) | (ii) | (i) |

60. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) ગુજરાતી સાહિત્યસભા | (*i*) રણજિતરામ સુવર્ણચંદ્રક |
| (*b*) ગુજરાત સાહિત્ય અકાદમી | (*ii*) ગૌરવ પુરસ્કાર |
| (*c*) ગુજરાતી સાહિત્ય પરિષદ | (*iii*) ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક |
| (*d*) ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | (*iv*) સવ્યસાચી ધીરુભાઈ ઠાકર એવોર્ડ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (*iv*) | (*iii*) | (*ii*) | (*i*) |
| (B) | (*iii*) | (*ii*) | (*i*) | (*iv*) |
| (C) | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
| (D) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |

61. કાળક્રમમાં ગોઠવો.

(*a*) ગુજરાતી સાહિત્યની વિકાસરેખા

(*b*) સાઠીના સાહિત્યનું દિગ્દર્શન

(*c*) કલાસિકલ પોએટસ ઓફ ગુજરાત

(*d*) ગુજરાત એન્ડ ઇટસ લિટરેચર

| | | | | |
|---|---|---|---|---|
| (A) | (*c*) | (*b*) | (*d*) | (*a*) |
| (B) | (*b*) | (*a*) | (*c*) | (*d*) |
| (C) | (*a*) | (*b*) | (*d*) | (*c*) |
| (D) | (*d*) | (*c*) | (*a*) | (*b*) |

62. કાળક્રમમાં ગોઠવો.

(a) દેરિદા

(b) લકાન

(c) કોલરિજ

(d) જુલિયા ક્રિસ્ટિવા

(A) (a) (c) (d) (b)

(B) (c) (d) (b) (a)

(C) (d) (b) (c) (a)

(D) (c) (b) (a) (d)

63. કાળક્રમમાં ગોઠવો.

(a) કવિની શ્રદ્ધા

(b) કવિની સાધના

(c) સમસંવેદન

(d) અભિરુચિ

(A) (c) (d) (b) (a)

(B) (d) (b) (c) (a)

(C) (c) (a) (d) (b)

(D) (b) (a) (c) (d)

64. કાળક્રમમાં ગોઠવો.

(a) કસઉટિઅ

(b) કષપટ્ટિકા

(c) કસોટી

(d) કસવટ્ટિઅ

(A) (a) (b) (d) (c)

(B) (d) (c) (a) (b)

(C) (b) (d) (a) (c)

(D) (c) (a) (b) (d)

65. કાળક્રમમાં ગોઠવો.

(a) જૂની પશ્ચિમી રાજસ્થાનીનું વ્યાકરણ

(b) ગુજરાતી ભાષાનો ઇતિહાસ

(c) લિન્ગવિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયા

(d) લેન્ગવેજ એન્ડ લિટરેચર

(A) (b) (c) (a) (d)

(B) (c) (a) (d) (b)

(C) (a) (d) (b) (c)

(D) (a) (b) (d) (c)

66. કાળક્રમમાં ગોઠવો.

(a) ગઝલના આયનાઘરમાં

(b) ઈર્શાદગઢ

(c) અચાનક

(d) શૂળ અને શમણાં

(A) (a) (c) (d) (b)

(B) (d) (c) (a) (b)

(C) (c) (a) (b) (d)

(D) (d) (c) (b) (a)

67. કાળક્રમમાં ગોઠવો.

(a) માટીનો માનવી

(b) આરોગ્ય નિકેતન

(c) ગોરા

(d) તમસ

(A) (a) (b) (c) (d)

(B) (c) (a) (b) (d)

(C) (b) (c) (a) (d)

(D) (c) (b) (d) (a)

68. કાળક્રમમાં ગોઠવો.

(a) ઈશિતા

(b) મૃણાલ

(c) ફિરોજા

(d) મૃણાલવતી

(A) (d) (b) (a) (c)

(B) (b) (a) (d) (c)

(C) (c) (d) (b) (a)

(D) (a) (b) (d) (c)

69. કાળક્રમમાં ગોઠવો.

(a) શાંતિ ! શાંતિ ! શાંતિ !

(b) નાની, મેં જંગલને આગ લગાડી છે જુઓ !

(c) તેણે ખોબો ભરી માટી, મોઢે માથે દીધી ઘસી

(d) ટુમોરો, એન્ડ ટુમોરો, એન્ડ ટુમોરો

(A) (c) (d) (a) (b)

(B) (d) (a) (c) (b)

(C) (a) (b) (c) (d)

(D) (d) (c) (a) (b)

70. કાળક્રમમાં ગોઠવો.

(*a*) શબ્દસૃષ્ટિ

(*b*) સંસ્કૃતિ

(*c*) બુદ્ધિપ્રકાશ

(*d*) ઊર્મિનવરચના

(A) (*c*) (*d*) (*b*) (*a*)

(B) (*d*) (*a*) (*b*) (*c*)

(C) (*d*) (*c*) (*a*) (*b*)

(D) (*c*) (*b*) (*d*) (*a*)

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'રણમલછંદ' ના કેન્દ્રમાં વીરરસ છે.

(R) 'રણમલછંદ' પવાડો સ્વરૂપની કૃતિ છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

72. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) આધુનિક સાહિત્યવિવેચના 'પાઠ' સંજ્ઞા 'કૃતિ' સંજ્ઞાના સ્થાને પ્રયોજે છે.

(R) 'પાઠ' સંજ્ઞા ભાવક સાથે જોડાય છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

73. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) જયંત કોઠારીનું પુસ્તક 'વિવેચનનું વિવેચન' ગુજરાતી વિવેચનના ઇતિહાસનું પુસ્તક છે.

(R) તેમાં ગુજરાતી વિવેચન–પ્રવાહનું સંપૂર્ણ આલેખન છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

74. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) ચીની ભાષા અયોગાત્મક ભાષા છે.

(R) ચીની ભાષામાં પ્રત્યયો હોય છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

75. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) નાનાલાલની ડોલનશૈલી અંગે ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સંશોધન કર્યું છે.

(R) ચન્દ્રકાન્ત ટોપીવાળાની વિવેચન પ્રત્યેની અભિમુખતા શૈલીવિજ્ઞાનપરક છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

76. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) કવિતામાં શબ્દાર્થનું પ્રાધાન્ય હોય છે.

(R) કવિતા સંગીતની મોહતાજ નથી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

77. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) ફકીર મોહન સેનાપતિની 'છ વીઘા જમીન' કૃતિ માર્ક્સવાદનો પ્રચાર કરે છે.

(R) 'છ વીઘા જમીન' રશિયન ક્રાંતિ અને માર્ક્સવાદી વિચારસરણીના પ્રચાર પછી રચાયેલી કૃતિ છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

78. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) 'ચલ મન મુંબઈ નગરી' આધુનિક ગુજરાતી કવિતાની નાન્દી છે.

(R) 'ચલ મન મુંબઈ નગરી' માં મહાનગરની વિભિષિકાનું આલેખન નથી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

79. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) ટોની મોરિસનની 'સોન્ગ ઓફ સોલોમન' કૃતિ કાવ્યોની કૃતિ છે.

(R) 'સોન્ગ ઓફ સોલોમન' માં સુગરમેનનું ગીત છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

80. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) લોકભોગ્ય અને લોકપ્રિય સાહિત્ય એક જ હોય છે.

(R) લોકભોગ્ય અને લોકપ્રિય સાહિત્યમાં માત્ર મનોરંજન કેન્દ્રસ્થાને હોય છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે.

(B) (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, (R) સાચું છે.

81. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'રેતીની રોટલી' રસોઈકળાનું પુસ્તક છે.

(B) 'સહરાની ભવ્યતા' રઘુવીર ચૌધરીની જાણીતી નવલકથા છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

82. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) પરિપકવતા એ પ્રશિષ્ટતાવાદનું મહત્વનું લક્ષણ છે.

(B) આદર્શ પ્રકૃતિનો ખ્યાલ નવ્યપ્રશિષ્ટવાદનું લક્ષણ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

83. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) વાર્તામાં ઘટનાલોપની વાત સુરેશ જોષીએ કરી હતી.

(B) વાર્તામાં ઘટનાના તિરોધાનને સુરેશ જોષી નકારે છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

84. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) ભાવેપ્રયોગમાં અકર્મક ક્રિયાપદ હોય છે.

(B) 'મારાથી પુસ્તક વંચાય છે.' વાકયમાં ભાવેપ્રયોગ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

85. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) પાઠસંપાદનમાં પ્રતિલેખન પદ્ધતિ અને સંદોહનપદ્ધતિ મહત્વની છે.

(B) પાઠસંપાદનમાં અર્થનિર્ણયની પ્રક્રિયા મહત્વની છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

86. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) ફાગુમાં માનવભાવ અને પ્રકૃતિનું આલેખન હોય છે.

(B) 'સ્થૂલિભદ્રફાગુ'માં વસંતઋતુનું આલેખન છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

87. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'આરોગ્ય નિકેતન'માં મૃત્યુભય પર વિજયનો મહિમા છે.

(B) 'આરોગ્ય નિકેતન' માં પાશ્ચાત્ય અને પૂર્વની ચિકિત્સા પદ્ધતિ વચ્ચેનો સંઘર્ષ છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

88. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) 'નઘરોળ'માં સ્વામી આનંદે ઈસામુ શિદાનું વ્યક્તિચિત્ર આલેખ્યું છે.

(B) 'નઘરોળ' માં સ્વામી આનંદે અમેરિકન ધોબણનું વ્યક્તિચિત્ર આલેખ્યું છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

89. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

(A) તુલનાત્મક સાહિત્યમાં અનુવાદ અને સાદૃશ્યનું કોઈ સ્થાન નથી.

(B) વર્જિનિયા વુલ્ફની 'ધ રુમ ઓફ વન્સ ઓઉન' નો અનુવાદ અનિલા દલાલે કર્યો છે.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

90. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(A) કાયદાકીય સંદર્ભવાળી નવલકથાઓ ભાવકને માનવીય સમજણના નિષ્કર્ષ સુધી પહોંચાડે છે.

(B) પત્રકાર સાહિત્યકારનો જોડિયો ભાઈ નથી.

(A) (A) અને (B) બન્ને સાચાં છે.

(B) (A) અને (B) બન્ને ખોટાં છે.

(C) (A) સાચું છે, (B) ખોટું છે.

(D) (A) ખોટું છે, (B) સાચું છે.

**નીચેના કાવ્યના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.**

## કલાકોથી

કલાકોથી મચ્યો વરસાદનો કકળાટ,
ના, ના,આટલો કઠતો ન'તો ઉકળાટ.
શો મોટ્ટા અવાજે એકસૂર રસહીન લાંબા
કોઈ ભાષણના સમો દે ત્રાસ.
બારીબારણાં સૌ બંધ,
આખા ખંડમાં વ્યાપી વળી ભીનાશ
ને રુંધે અખંડિત ખંડનું એકાંત,
                    હું આંખો છતાં યે અંધ.
ઠંડકમાં ઠરી ચારે દીવાલો,
જેમ બુઢ્ઢાપે ઠરે છે જિંદગીના મસ્ત ખ્યાલો;
વસ્ત્ર સૌ ખીંટી પરે લીલાં,
હજુ આ દેશમાં જેવાં મનુષ્યનાં વદન વ્હીલાં;
અને પોચાં પડયાં સૌ
                    મેજ પરનાં પુસ્તકોનાં પાન,
જેવાં લય વિનાનાં ગાન;
કેવો ભેજ સૌ નિર્જીવ વસ્તુમાં
ગયો આજે છવાઈ,
હૂંફથી ધડકી રહ્યું હૈયું ય તે
જાણે ગયું આજે હવાઈ !

– નિરંજન ભગત

91. કાવ્યનો પ્રકાર જણાવો.

(A) ગઝલ

(B) ગીત

(C) ઊર્મિકાવ્ય

(D) અછાંદસ

92. કાવ્યમાં કયો છંદ છે ?

(A) પરંપરિતલય

(B) અક્ષરમેળ

(C) ચોપાઈ

(D) માત્રામેળ

93. કાવ્યમાં કઈ સંવેદના છે ?

(A) વણથંભ્યા વરસાદનો કંટાળો અને થંભીને હવાઈ ગયેલો પરિવેશ

(B) વરસાદની હેલી

(C) વરસાદે વેરેલો વિનાશ

(D) વરસાદનો કંટાળો

94. વરસાદનો ત્રાસ કેવો છે ?

(A) કોઈ કકળાટ કરતા માણસ જેવો

(B) ચારે તરફ બધું ભીંજાય ગયું હોય એવો

(C) કાગળોની જેમ હૈયું હવાઈ ગયું હોય એવો

(D) કોઈ નેતાના શુષ્ક વ્યાખ્યાન જેવો

95. 'વસ્ત્ર સૌ ખીંટી પરે લીલાં,

હજુ આ દેશમાં જેવાં મનુષ્યનાં વદન વ્હીલાં, –આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) રૂપક

(B) ઉપમા

(C) ઉત્પ્રેક્ષા

(D) દૃષ્ટાંત

નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

ભૂતકાળના ભવ્ય વારસાનો વિવેચક મહિમા કરે, ભૂતકાળમાં કેવું મહાન સાહિત્ય સર્જાયું હતું એની વાત કરે એ સ્વાભાવિક પણ છે. પરંતુ સાંપ્રત સાહિત્યકૃતિને તે આ રીતે મૂલવી શકશે ખરો ? સાંપ્રત કૃતિમાં કશુંક એવું હોવાનું જે તદ્દન નવું હશે, તે સાંપ્રત જીવનમાંથી આવ્યું હશે. જો વિવેચક સાહિત્યની પ્રાચીન પરંપરાના અભિગ્રહથી બંધાઈને ચાલશે તો અત્યારના સાહિત્યને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોઈ નહિ શકે.

સમકાલીન વિવેચન અને સમકાલીન સર્જને એકબીજાને પિછાનવાં પડશે. કેટલાક વિવેચકો ભૂતકાળ વિશે એટલું બધું જાણે છે કે અત્યારના સર્જકે કયા વિષય પર લખવું, કયા સ્વરૂપે લખવું એ કહેવાનો લોભ તેઓ રોકી શકતા નથી. તેઓ સતત ફરિયાદ કરે છે કે આ લેખકો તદ્દન નવા અને જુદા વિષયો પર લખે છે અને તદ્દન જુદી રીતે લખે છે. અને એમાંથી માર્ગદર્શન આપવાનું વડીલશાઈ વલણ જન્મે છે.

મને લાગે છે કે કોઈ પણ વિવેચક માર્ગદર્શન આપવા માટે વિવેચન લખવાનું પસંદ ન કરે, વિવેચક પોતે જ માર્ગ શોધતો હોય છે. કળાકૃતિને પામવાનો માર્ગ અટપટો અને સતત જાગૃતિ માગી લે એવો છે. કોઈ સારા વિવેચનનિબંધની રચના તપાસો અને સંભવ છે કે વિવેચક કાંઈક શોધી રહ્યો હોય એવી સદ્ય પ્રતીતિ થશે. વિવેચન એ એક જાતની શોધ છે. વિવેચકને તો માત્ર એક કલાની–સૌંદર્યની લગની લાગેલી છે. એના મર્મને પકડવા તે મથતો હોય છે. એ પકડાય છે ત્યારે તેની વાણી આનંદથી છલકાઈ ઊઠે છે.

– રમણલાલ જોષી

96. સાંપ્રત સાહિત્યકૃતિનું મૂલ્યાંકન કરવાનો સાચો રસ્તો કયો ?

(A) ભૂતકાળના ભવ્યવારસાનો મહિમા કરવો.

(B) પરંપરાના અભિગ્રહથી બંધાઈને ચાલવું.

(C) સાંપ્રત જીવનના સંદર્ભમાં કૃતિને મૂલવવી.

(D) પરંપરા અને સાંપ્રતના સંદર્ભમાં કૃતિને મૂલવવી.

97. સાંપ્રત કૃતિના વિવેચન સંદર્ભે વિવેચકનું વલણ કેવું હોવું જોઈએ ?

(A) કૃતિને પરંપરાના આધારે સર્જવી.

(B) કૃતિને ભવ્યભૂતકાળના સંદર્ભમાં જોવી.

(C) કૃતિને સાંપ્રત અને પરંપરાના સંદર્ભોથી સર્જવી.

(D) કૃતિને સમકાલીન અને નવા સંદર્ભોમાં નોખી રીતે સર્જવી.

98. વિવેચકે સર્જકને માર્ગદર્શન કેમ ન આપવું જોઈએ ?

(A) વિવેચકે વડીલશાઈ વલણ અપનાવવું જોઈએ નહીં.

(B) વિવેચકે સર્જકને દોરવાનું કામ કરવાનું નથી.

(C) કળાકૃતિ રચવાનો અને પામવાનો માર્ગ અટપટો હોય છે – સતત જાગૃતિ માગી લે તેવો હોય છે.

(D) સર્જન માટે વિવેચકના પ્રત્યક્ષ માર્ગદર્શનની જરૂર નથી.

99. વિવેચકનું કાર્ય શું હોય છે ?

(A) વિવેચકની એક માત્ર શોધ કલા અને સૌંદર્યને પામવાની હોય છે.

(B) વિવેચકનું કાર્ય દોષદર્શન કરવાનું હોય છે.

(C) વિવેચકનું કાર્ય કૃતિનો આસ્વાદ કરવાનું હોય છે.

(D) વિવેચકનું કાર્ય સર્જકને માર્ગદર્શન આપવાનું હોય છે.

100. ગદ્યખંડનું શીર્ષક જણાવો.

(A) સર્જકને માર્ગદર્શન (B) વિવંચકનું કાર્ય

(C) કૃતિતપાસ (D) વિવેચકનો ધર્મ

## ROUGH WORK

SEAL